## પ્રકરણ (૩)

### છન્દવિધાન

નિબધ્ધ પ્રકારના પદબંધમાં ગુરુ-લઘુ યુકત અક્ષરો અથવા માત્રાઓની સંખ્યા નિયત હોય છે. સુનિબધ્ધ લઘુ-ગુરુ અક્ષર યતિ-છેદ, પ્રમાણનિયતાત્મકતા અથવા માત્રાઓની સુનિશ્ચિત સ્થિતિ વિગેરે લક્ષણો ધરાવતા 'નિબધ્ધ પદબંધ'ને પ્રાય: પદ્ય કહેવામાં આવે છે. આ પદ્યની એક અન્ય સંજ્ઞા છંદ અથવા વૃત છે જેની ચર્ચા ભરતમુનિએ ૧૫મા અધ્યાય (છન્દો વિધાન) તથા ૧૬ માં અધ્યાય (વૃત્તવિધાન) અંતર્ગત કરી છે.

### છન્દ : પરિભાષા

છન્દ અથવા વૃત્તની પરિભાષા આપતા ભરતમુનિ જણાવે છે કે -

નિબધ્ધાક્ષરસંયુકતં યતિ ચ્છેદ સમન્વિતમ્ ।
નિબધ્ધન્તુ પદં જ્ઞેયં પ્રમાણનિયતાત્મકમ ॥
એવં નાનાર્થસંયુકતૈ: પાદૈર્વર્ણ વિભૂષિતૈ: ।
ચતુર્ભિસ્તુ ભવેદ્યુકતં છન્દોવૃત્તાભિધાનવત્ ॥

(અધ્યાય ૧૫ શ્લોક ૩૮-૩૯)

જેમાં પદો તથા અક્ષરોનું નિશ્ચિત ક્રમ અનુસાર ગઠન થયું હોય, યતિ (વિચ્છેદ) સમન્વિત હોય તથા જેમાં અક્ષર સંખ્યાનું નિશ્ચિત પ્રમાણ રહે તેને નિબધ્ધ શબ્દ સમજવો જોઇએ. આ પ્રકારના શબ્દોના ગઠન ધ્વારા જે પદ્યરચના કરવામાં આવે છે તેમાં ચાર પાદ હોય છે. તેમાં અનેક અર્થોની અભિવ્યંજના રહે છે તથા વર્ણોના ગુરુ તથા લઘુ સ્વરુપો ધ્વારા તેની નિર્મિતી થાય છે. આવી રચના છન્દ અથવા વૃત્ત કહેવાય છે.

### છન્દની બે શૈલીઓ

ભરતમુનિએ છન્દવિધાન અંતર્ગત 'જાતિ' અને 'વૃત્ત' નામની બે છંદ-શૈલીઓનું વિવરણ પ્રસ્તુત કર્યું છે. જાતિ છન્દ, અક્ષર-માત્રાઓ ઉપર આધારિત હોય છે. તેનો પ્રત્યેક પાદ 'સમ'જ હોય તેવો નિયમ નથી. તેમાં લઘુ અક્ષર માત્રાની એક સંખ્યા તથા ગુરુ અક્ષર માત્રાની બે સંખ્યા ગણવામાં આવે છે. જાતિ છંદોમાં 'આર્યા'નો પ્રયોગ ગીતિકાવ્ય તથા નાટ્યમાં

ખૂબ લોકપ્રિય રહ્યો છે. ભરતમુનિ તથા પિંગલ બંનેએ આર્યાના પથ્યા, વિપુલા, ચપલા, મુખચપલા અને જઘનચપલા આ પાંચ ભેદો કલ્પ્યા છે. (અધ્યા.૧૬/૧૫૭) આચાર્ય અભિનવગુપ્તે ટાંકેલા કોઇ પ્રાચીન આચાર્યના મત પ્રમાણે જાતિવૃત્તોના પૂર્વાપર ગણની પરિગણના અનુસાર આ છન્દના સહસ્ત્ર ભેદ થઇ જાય છે. માત્રાઓના ભેદથી જાતિ-છન્દના ગીતિ તથા ઉપગીતિ આ બે ભેદ બને છે. પ્રાકૃત પિંગલ અનુસાર ગીતિજ પ્રાકૃતમાં ઉદ્ગાથા રૂપે પ્રસિધ્ધ છે. 'જાતિ' છન્દ શૈલી વિશે વિગતેથી ચર્ચા આગળ કરવામાં આવી છે.

વર્ણિક છન્દોમાં, જાતિ-છન્દોથી વિપરીત, અક્ષરો (લઘુ, ગુરૂ) ની સંખ્યા તથા પૌર્વાપર્ય ક્રમ નિયત રહે છે. સ્વરોના આરોહ અવરોહના સંદર્ભમાં વર્ણિક વૃત્તોનો વિકાસ 'ત્રિકો' (ગણો)ના આધાર ઉપર થયો છે. પ્રત્યેક ગણમાં લઘુ અથવા ગુરુ ત્રણ વર્ણ હોય છે. તથા પ્રત્યેક છંદમાં બે અથવા તેનાથી વધારે નિર્ધારિત ગણ હોય છે. આ પ્રમાણે ભરતમુનિએ આઠ ગણોની પરિકલ્પના કરી છે.

---

| | | | |
|---|---|---|---|
| (૧) | મ ગણ | પહેલો વર્ણ ગુરુ, બાકીના વર્ણ લઘુ | ऽ । । |
| (૨) | ભ ગણ | ત્રણે વર્ણ ગુરુ. | ऽ ऽ ऽ |
| (૩) | જ ગણ | વચલો વર્ણ ગુરુ, બાકીના વર્ણ લઘુ. | । ऽ । |
| (૪) | સ ગણ | અંતિમ વર્ણ ગુરુ, બાકીના વર્ણ લઘુ | । । ऽ |
| (૫) | ર ગણ | વચલો વર્ણ લઘુ, બાકીના વર્ણ ગુરુ | ऽ । ऽ |
| (૬) | ત ગણ | અંતિમ વર્ણ લઘુ, બાકીના વર્ણ ગુરુ | ऽ ऽ । |
| (૭) | ય ગણ | પ્રથમ વર્ણ લઘુ, બાકીના વર્ણ ગુરુ | । ऽ ऽ |
| (૮) | ન ગણ | ત્રણે વર્ણ લઘુ | । । । |

(અધ્યાય ૧૫ શ્લોક ૮૨-૮૩)

ભરતમુનિએ ગુરુ તથા લઘુ અક્ષરો માટે 'ગલ' પ્રતીકનું વિધાન કર્યું છે. 'ગ' ગુરુનું તથા 'લ' લઘુનું સૂચન કરે છે. તેના આધારે અક્ષરોની સંખ્યા નિર્ધારિત થાય છે. અક્ષરોની સંખ્યા હીન અથવા અધિક ન થવાથી છન્દ સંપદ થાય છે. છન્દોમાં નીચે જણાવેલ ત્રિકોનો સમન્વય થયેલો હોય છે.

(૧) હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત - એ ત્રણ પ્રકારના અક્ષર.
(૨) તાર, મન્દ્ર અને મધ્ય - એ ત્રણ પ્રકારના સ્વર.
(૩) સમ, વિષમ અને અર્ધસમ - એ ત્રણ પ્રકારના વૃત્ત.

છન્દના બે શબ્દોના નિશ્ચિત સ્થાન પર પૃથક્ અથવા વિચ્છિન્ન રહેવું તેને યતિ કહે છે. છન્દના ચોથા ભાગને પાદ કહે છે. છન્દના અગ્નિ આદિ અધિકારી દેવ, શરીર તથા દિશાઓ પર આશ્રિત બે પ્રકારના સ્થાન, શ્વેત આદિ વર્ણ હોય છે. છન્દમાં ઉદ્દિષ્ટ અર્થની સમાપ્તિ થઇ જવી તેને વિરામ કહે છે. (અધ્યાય ૧૫ શ્લોક ૮૭ થી ૯૭)

<u>છન્દની ત્રણ શ્રેણીઓ</u>

ભરતમુનિએ વૈદિક તેમજ લૌકિક છન્દોની ત્રણ શ્રેણીઓ કલ્પી છે. (૧) દિવ્ય (૨) દિવ્યેતર (૩) દિવ્ય માનુષ. (શ્લોક ૯૮)

દિવ્ય શ્રેણીમાં ગાયત્રી, ઉષ્ણિક્, અનુષ્ટુપ, બૃહતી, ત્રિષ્ટુપ તથા જંગતીનો સમાવેશ થાય છે. દિવ્યેતર શ્રેણીમાં શક્કરી, અતિ શક્કરી, અત્યષ્ટિ, ધૃતિ તથા અતિધૃતિનો સમાવેશ થાય છે. કૃતિ, પ્રકૃતિ, આકૃતિ, વિકૃતિ, સંકૃતિ, અભિકૃતિ તથા ઉત્કૃતિનો સમાવેશ દિવ્યમાનુષ શ્રેણીમાં થાય છે. (શ્લોક ૯૯ થી ૧૦૧)

દિવ્યગણમાં અનુષ્ટપનો પ્રયોગ રામાયણ, મહાભારત તેમજ અન્ય ગ્રંથોમાં પ્રચુર માત્રામાં થયો છે. દિવ્યેતર શ્રેણીના તમામ છન્દ લોકપ્રચલિત છે. દિવ્યમાનુષ શ્રેણીના છન્દ ઘણાં ઓછા પ્રચલિત છે.

૧૫ માં અધ્યાયમાં છન્દ વિષયક આટલી માહિતી આપ્યા પછી ભરતમુનિ અંતે જણાવે છે કે હવે ''છન્દોનો નાટકોમાં થતો વિનિયોગ આગળના અધ્યાયમાં નિરુપીશ.'' ૧૬ માં અધ્યાય-વૃત્તવિધાન -અધ્યાયમાં ભરતમુનિ વિવિધ છન્દો-જાતિ તેમજ વૃત્તનાં લક્ષણો નિરુપે છે. તમામ છન્દના લક્ષણ આપવા ઉપરાંત ઉદાહરણ પણ તેઓ આપે છે. પ્રસ્તુત શોધપ્રબન્ધમાં ઉદાહરણો ન નિરુપતાં માત્ર લક્ષણો નિરુપવામાં આવ્યા છે. ઉદાહરણો સાંપ્રત વિવેચનામાં અપ્રસ્તુત ગણાશે.

## વૃત્તવિધાન

### (૧) સમવૃત્ત નિરુપણ

( અધ્યાય ૧૬ શ્લોક ૨ થી ૧૧૭)

| ક્રમ | વૃત્ત | જાતિ | પ્રત્યેક પાદમાં અક્ષર | લઘુ-ગુરુ વિધાન |
|---|---|---|---|---|
| ૧ | તનુમધ્યા | ગાયત્રી | ૬ | પ્રત્યેક પાદના પ્રથમ બે તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૨ | મકરશીર્ષા | ગાયત્રી | ૬ | પ્રારંભના ચાર વર્ણ લઘુ તથા અંતિમ બે વર્ણ ગુરુ. |
| ૩ | માલતી | ગાયત્રી | ૬ | બીજો તથા પાંચમો વર્ણ લઘુ તથા શેષ વર્ણ ગુરુ. |
| ૪ | માલિની | ગાયત્રી | ૬ | બીજો વર્ણ લઘુ તથા શેષ વર્ણ ગુરુ. |
| ૫ | ઉદ્ધતા | ઉષ્ણિક | ૭ | બીજો, ચોથો તથા પાંચમો વર્ણ લઘુ. |
| ૬ | ભ્રમરમાલા | ઉષ્ણિક | ૭ | પ્રથમ બે તથા અંતિમ બે વર્ણ ગુરુ તથા શેષ વર્ણ લઘુ. |
| ૭ | સિંહલેખા (લીલા) | અનુષ્ટુપ | ૮ | પ્રથમ, તૃતીય, પંચમ સપ્તમ તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૮ | મત્તચેષ્ટિત | અનુષ્ટુપ | ૮ | બીજો, ચોથો, છઠ્ઠો તથા આઠમો વર્ણ ગુરુ હોય છે. |
| ૯ | વિદ્યુલ્લેખા | અનુષ્ટુપ | ૮ | તમામ વર્ણો ગુરુ હોય છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ચિત્તવિલસિત | અનુષ્ટુપ | ૮ | પાંચમો, સાતમો તથા આઠમો વર્ણ ગુરુ હોય છે. |
| ૧૧ | મધુકરી | બૃહતી | ૯ | અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૧૨ | ઉત્પલમાલા | પંક્તિ | ૧૦ | પ્રથમ તથા અંતિમ [illegible] વર્ણ ગુરુ હોય છે. |
| ૧૩ | મયૂર (શિખિ) સારણી | પંક્તિ | ૧૦ | બીજો, ચોથો, છઠ્ઠો તથા આઠમો વર્ણ લઘુ હોય છે. |
| ૧૪ | દોધક | ત્રિષ્ટુપ | ૧૧ | પ્રથમ, ચતુર્થ, સાતમો દસમો તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૧૫ | મોટક | ત્રિષ્ટુપ | ૧૧ | પ્રથમ બે, પંચમ અષ્ટમ તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૧૬ | ઇન્દ્રવજ્રા | ત્રિષ્ટુપ | ૧૧ | ત્રીજો, છઠ્ઠો, સાતમો તથા નવમો વર્ણ લઘુ હોય છે. |
| ૧૭ | ઉપેન્દ્રવજ્રા | ત્રિષ્ટુપ | ૧૧ | પ્રથમ, તૃતીય, ષષ્ઠ, સપ્તમ તથા નવમ વર્ણ લઘુ હોય છે. |
| ૧૮ | રથોદ્ધતા | ત્રિષ્ટુપ | ૧૧ | પહેલો, ત્રીજો, સાતમો, નવમો તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૧૯ | સ્વાગતા | ત્રિષ્ટુપ | ૧૧ | પહેલો, ત્રીજો, સાતમો તથા દશમો વર્ણ ગુરુ હોય છે. |
| ૨૦ | શાલિની | ત્રિષ્ટુપ | ૧૧ | છઠ્ઠો તથા નવમો વર્ણ લઘુ તથા શેષ વર્ણો ગુરુ હોય છે. |

THE ... LIBRARY
PITH ... 5

| | | | |
|---|---|---|---|
| ૨૧ | તોટક | જગતી | ૧૨ | ત્રીજો, છઠ્ઠો, નવમો તથા બારમો વર્ણ ગુરુ હોય છે. |
| ૨૨ | કુમુદ પ્રભા (કુમુદનિભા) | જગતી | ૧૨ | પહેલો, ત્રીજો, પાંચમો છઠ્ઠો, સાતમો, નવમો તથા અગિયારમો વર્ણ ગુરુ હોય છે. |
| ૨૩ | ચન્દ્રલેખા | જગતી | ૧૨ | સાતમો, દસમો વર્ણ લઘુ, શેષ વર્ણો ગુરુ તથા પાંચ અક્ષરો ઉપર યતિ હોય છે. |
| ૨૪ | પ્રમિતાક્ષરા | જગતી | ૧૨ | ત્રીજો, પાંચમો, નવમો તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૨૫ | વંશસ્થ | જગતી | ૧૨ | બીજો, ચોથો, પાંચમો, આઠમો, દસમો તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે |
| ૨૬ | હરિણપ્લુતા | જગતી | ૧૨ | ચતુર્થ, સપ્તમ, દશમ તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૨૭ | કામદત્તા | જગતી | ૧૨ | સાતમો, નવમો, અગિયારમો તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૨૮ | અપ્રમેયા | જગતી | ૧૨ | પહેલો, ચોથો, સાતમો તથા દસમો વર્ણ લઘુ હોય છે. |
| ૨૯ | પદ્મિની | જગતી | ૧૨ | દ્વિતીય, પંચમ, અષ્ટમ તથા એકાદશમ વર્ણ લઘુ હોય છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦ | પુટવૃત્તા | જગતી | ૧૨ | પ્રથમ ૬ વર્ણ તથા દસમો વર્ણ લઘુ તથા શેષ વર્ણો ગુરુ હોય છે. |
| ૩૧ | પ્રભાવતી | જગતી | ૧૨ | બીજો, ચોથો, નવમો, અગિયારમો તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૩૨ | પ્રહર્ષિણી | અતિજગતી | ૧૩ | પહેલા ત્રણ, આઠમો, દસમો, બારમો તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૩૩ | મત્તમયૂર | અતિજગતી | ૧૩ | છઠ્ઠો, સાતમો, દસમો, તથા અગિયારમો વર્ણ લઘુ હોય છે. |
| ૩૪ | વસન્તતિલકા | શક્કરી | ૧૪ | પહેલા બે, ચોથો, આઠમો, અગિયારમો તેરમો તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૩૫ | અસમ્બાધા | શક્કરી | ૧૪ | શરુઆતના પાંચ તથા અંતિમ ત્રણ વર્ણ ગુરુ તથા પાંચ અક્ષરો ઉપર યતિ હોય છે. |
| ૩૬ | શરભા | શક્કરી | ૧૪ | શરુઆતના ચાર, દસમો, અગિયારમો, તેરમો તથા ચૌદમો વર્ણ ગુરુ હોય છે. |
| ૩૭ | નાન્દીમુખી | અતિશક્કરી | ૧૫ | પહેલા છ, દસમો તથા તેરમો વર્ણ લઘુ હોય છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૮ | ગજવિલસિત | અષ્ટિ | ૧૬ | પહેલો, ચોથો, છઠ્ઠો, તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૩૯ | પ્રવરલલિતા | અષ્ટિ | ૧૬ | પ્રારંભના (બેથી) પાંચ, બારમો તથા તેરમો, પંદરમો તથા સોળમો વર્ણ ગુરુ હોય છે. |
| ૪૦ | શિખરિણી | અત્યષ્ટિ | ૧૭ | બીજો, ત્રીજો, ચોથો, પાંચમો, બારમો, તેરમો તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૪૧ | વૃષભચેષ્ટિત | અત્યષ્ટિ | ૧૭ | શરુઆતના પાંચ, અગિયારમો, તેરમો, ચૌદમો તથા સત્તરમો વર્ણ લઘુ હોય છે. |
| ૪૨ | શ્રીધરા | અત્યષ્ટિ | ૧૭ | શરુઆતના ચાર, દસમો, અગિયારમો, તેરમો, ચૌદમો તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૪૩ | વંશપત્રપતિત | અત્યષ્ટિ | ૧૭ | પ્રથમ, ચતુર્થ, ષષ્ટ, દશમ તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે તથા દસ અને સાત અક્ષરો ઉપર ક્રમશઃ યતિ હોય છે. |
| ૪૪ | વિલમ્બિતગતિ | અત્યષ્ટિ | ૧૭ | બીજો, છઠ્ઠો, આઠમો, બારમો, ચૌદમો તથા પંદરમો વર્ણ ગુરુ હોય છે. |
| ૪૫ | ચિત્રલેખા | ધૃતિ | ૧૮ | શરુઆતના પાંચ, અગિયારમો, બારમો, ચૌદમો, પંદરમો, સત્તરમો ~~સત્તામરો~~ તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૬ | શાર્દૂલવિક્રીડિત | અતિધૃતિ | ૧૯ | પહેલા ત્રણ, ૦૦૦ આઠમો, બારમો, તેરમો, ચૌદમો, સત્તરમો તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૪૭ | સુવદના | કૃતિ | ૨૦ | પહેલા ચાર, છઠ્ઠો, સાતમો, ચૌદમો, પંદરમો, સોળમો તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૪૮ | સ્રગ્ધરા | પ્રકૃતિ | ૨૧ | શરુઆતના ચાર, છઠ્ઠો, સાતમો, ચૌદમો, પંદરમો, સત્તરમો, અઢારમો, વીસમો, તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૪૯ | મદ્રક | આકૃતિ | ૨૨ | પહેલો, ચોથો, છઠ્ઠો, દસમો, બારમો, સોળમો, અઢારમો, તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૫૦ | અશ્વલલિતા | વિકૃતિ | ૨૩ | પાંચમો, સાતમો, અગિયારમો, તેરમો, સત્તરમો, ઓગણીસમો, અને અંતિમ વર્ણ ~~હોય~~ ગુરુ હોય છે. |
| ૫૧ | મેઘમાલા | સંસ્કૃતી | ૨૪ | શરુઆતના છ વર્ણ, આઠમો, અગિયારમો, ચૌદમો, સત્તરમો, વીસમો, તથા ત્રેવિસમો વર્ણ ગુરુ તથા શેષ વર્ણો લઘુ હોય છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૨ | ક્રૌંચપદા | અતિકૃતિ | ૨૫ | પહેલો, ચોથો, પાંચમો, છઠ્ઠો, નવમો, દસમો, તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |
| ૫૩ | ભુજંગવિજૃંભિત | ઉત્કૃતિ | ૨૬ | પહેલા આઠ, અગિયારમો એકવીસમો, ચોવીસમ તથા અંતિમ વર્ણ ગુરુ હોય છે. |

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

ભુજંગવિજૃંભિત વૃત્તના નિરુપણ પછી ભરતમુનિ સમવૃત્ત, અર્ધસમવૃત્ત તથા વિષમવૃત્તનાં લક્ષણ આ પ્રમાણે વર્ણવે છે.

પાદોની અનુસાર લક્ષણ કરવામાં, સર્વ પાદ સમાન હોય ત્યારે સમવૃત્ત, બે પાદ સમન હોય છે// ત્યારે અર્ધસમ વૃત્ત તથા તમામ પાદ (અથવા ત્રણ પાદ) અસમાન હોય ત્યારે વિષમવૃત્ત બને છે. (શ્લોક ૧૨૩)

જેમાં અનેક વૃત્તોના અસમાન પાદ હોય તથા તેમાં એક પૂર્ણ છંદનું નિર્માણ કરવામાં આવ્યું હોય તો વિષમવૃત્ત બને છે. ( શ્લોક ૧૨૦ )

જે છન્દમાં બે પાદ (પહેલો તેમજ ત્રીજો) સમ તથા બે પાદ (બીજો તથા ચોથો) વિષમ હોય તો તેને અર્ધવિષમ (અર્ધસમ) વૃત્ત તથા બે પાદ અસમાન (વિષમ) હોવાને લીધે વિષમવૃત્ત પણ કહેવાય છે. તેજ પ્રમાણે જે છન્દમાં ચારેય પાદ અસમાન હોય તો પણ તે વિષમવૃત્ત કહેવાય છે. ( શ્લોક ૧૨૧)

જો કોઇ વૃત્તના સમ તથા વિષમ પાદોના હ્રસ્વ, આદિ, દોર્ઘ યા હ્રસ્વ સ્વરુપ હોય તો તેને વિષમ વૃત્ત સમજવો જોઇએ. (શ્લોક ૧૨૨)

(૨) <u>અર્ધસમવૃત્ત નિરુપણ</u>

(અધ્યાય ૧૬ શ્લોક ૧૨૪ થી ૧૫૨)

અર્ધસમવૃત્તોનું ત્રિક (ત્રણ) ધ્વારા બનતું સ્વરુપ ભરતમુનિ આ પ્રમાણે નિરુપે છે.

(૧) પથ્યા — અનુષ્ટુપ વૃત્ત કે જેમાં પ્રથમ પાદમાં સગણ, સગણ તથા બે ગુરુ હોય છે તથા દ્વિતીય પાદમાં સ ગણ, ર ગણ તથા ગુરુ હોય છે. શેષ સમ તથા વિષમ પાદમાં પણ ગણ આ પ્રમાણે રહે છે.

(૨) સર્વવિષમપથ્યા — અનુષ્ટુપ જાતિનો વૃત્ત કે જેમાં પ્રથમ પાદમાં મ, ર, ગ, ગ ; બીજા પાદમાં ય સ, લ, ગ, ત્રીજા પાદમાં ર ગણ, ભ ગણ લઘુ તથા ગુરુ અને ચોથા પાદમાં જ ગણ, સ ગણ, લઘુ તથા ગુરુ હોય છે.

(૩) વિપરીત પથ્યા — અનુષ્ટુપ જાતિનો વૃત્ત કે જેમાં પ્રથમ તથા ત્રીજા પાદના ઉપર્યુક્ત પથ્યાના લક્ષણ વિપરીત હોય છે.

(૪) ચપલા — અનુષ્ટુપ વૃત્ત કે જેમાં ચતુર્થ વર્ણથી આગળ પંચમ, ષષ્ઠ, સપ્તમ વર્ણ લઘુ હોય છે.

(૫) વિપુલા — અનુષ્ટુપ વૃત્ત કે જેના બીજા તથા ચોથા પાદમાં સાતમો વર્ણ લઘુ હોય છે. કેટલાક વિધ્વાનોના મત પ્રમાણે સર્વ પાદોનો સાતમો વર્ણ લઘુ હોય છે.

(૬) પથ્યાવક્ર — પથ્યા પાદ કે જેના અંતિમ ત્રણ અક્ષર ગુરુ હોય છે.

(૭) વાનવાસિકા — જો સોળ માત્રાઓથી બનનારા પાદના ગાથા છન્દમાં ( જે ચાર ભાગમાં વિભક્તહોય છે ) ગણો ધ્વારા અથવા ગણોના ભાગો ધ્વારા નિરુપણ કરવામાં આવે તો તેને વાનવાસિકા વૃત્ત કહે છે.

(૮) કેતુમતી — જો પ્રથમ તથા તૃતીય પાદમાં સ ગણ, જ ગણ, સ ગણ, તથા ગુરુ અને દ્વિતીય તથા ચતુર્થ પાદમાં ભ ગણ, ર ગણ, ન ગણ તથા ગુરુ હોય તો કેતુમતી વૃત્ત બને છે.

(૯) અપરવક્ત્ર — જો પ્રથમ તથા તૃતીય પાદમાં ન ગણ, ન ગણ, ર ગણ, લઘુ તથા ગુરુ અને દ્વિતીય તથા ચતુર્થ પાદમાં ન ગણ, જ ગણ તથા ર ગણ હોય તો તેને અપરવક્ત્ર વૃત્ત કહે છે.

(૧૦) પુષ્પિતાગ્રા — જો પ્રથમ તથા તૃતીય પાદમાં ન ગણ, ન ગણ, ર ગણ તથા ય ગણ અને બીજા તથા ચોથા પાદમાં ન ગણ, જ ગણ, જ ગણ ર ગણ તથા ગુરુ હોય તો પુષ્પિતાગ્રા વૃત્ત બને છે.

(૧૧) ઉદ્દ્ગતા — જેના પ્રથમ પાદમાં સ ગણ, જ ગણ , સ ગણ તથા લઘુ હોય, દ્વિતીય પાદમાં ન ગણ, સ ગણ, જ ગણ તથા ગુરુ, તૃતીય પાદમાં ભ ગણ, જ ગણ, લઘુ તથા ગુરુ અને ચતુર્થ પાદમાં સ ગણ, જ ગણ, સ ગણ, તથા ગુરુ હોય તો તે ઉદ્દ્ગતા વૃત્ત હોય છે.

(૧૨) લલિતા — જેના પ્રથમ પાદમાં સ ગણ, જ ગણ, સ ગણ તથા લઘુ, દ્વિતીય પાદમાં ન ગણ, સ ગણ, જ ગણ તથા ગુરુ, તૃતીય પાદમાં બે ન ગણ અને બે સ ગણ તથા ચતુર્થ પાદમાં સ ગણ, જ ગણ, સ ગણ, અને એક ગુરુ હોય તો લલિતા નામક વૃત્ત બને છે.

''સમ તથા વિષમ પ્રકારના આ વૃત્તો છે જેનો નાટક તથા કાવ્યમાં સુધિજન પ્રયોગ કરે'' એમ જણાવી ભરતમુનિ આર્યાના વિવિધ પ્રકાર અને લક્ષણ આ પ્રમાણે નિરુપે છે.

આર્યા : સામાન્ય લક્ષણો

(૧) આર્યા વિગેરે માત્રિક વૃત્તોમાં ગણ ચાર માત્રાનો હોય છે. દ્વિતીય તથા ચતુર્થ પાદ યુગ અથવા સમ તથા પ્રથમ અને તૃતીય પાદ અયુગ્ અથવા અસમ કહેવાય છે. (શ્લોક ૧૫૯)

(૨) આર્યામાં મધ્ય-ગુરુ ગણ એટલે કે 'જ ગણ' ને બાદ કરતાં શેષ તમામ ચાર માત્રાના અ યુગ ગણ રાખી શકાય છે પણ યુગ ગણ માટે આવો કોઇ પ્રતિબન્ધ નથી. (શ્લોક ૧૬૦)

(૩) ષષ્ઠ ગણના બે વૈકલ્પિક સ્વરુપ છે અને આઠમો ગણ કેવળ એક વર્ણ હોય છે. ઉત્તરાર્ધમાં છઠ્ઠો ગણ કેવળ એક માત્રાથી નિર્મિત થાય છે. (શ્લોક ૧૬૧)

(૪) છ ગણના બે વૈકલ્પિક સ્વરુપોમાં એક છે 'જ' જેમાં ગુરુ મધ્યમાં હોય છે અને બીજું સ્વરુપ ચાર લઘુ વર્ણ (માત્રા) વાળું હોય છે. તે યતિથી સંબંધિત અથવા તેના ઉપર આશ્રિત હોય છે. (શ્લોક ૧૬૨)

(૫) પાદના છેદને યતિ કહે છે. યતિ, જ્યારે પંચમ ગણ પછી દ્વિતીય લઘુ પૂર્ણ થાય ત્યારે સંભવે છે અથવા પંચમ ગણની સમાપ્તિ પછી કે છઠ્ઠા ગણના પ્રથમ વર્ણ ઉપર સંભવે છે. (શ્લોક ૧૬૩)

(૬) આ પ્રકારના છંદના પ્રથમ તથા તૃતીય પાદમાં ૧૨ માત્રા, બીજા પાદમાં ૧૮ તથા અંતિમ પાદમાં ૧૫ માત્રા રાખવી જોઇએ. (શ્લોક ૧૭૩)

**આર્યા: ભેદકે અને લક્ષણો**

શ્લોક ૧૬૪ થી ૧૭૨

(૧) પથ્યા આર્યા: જેમાં ત્રણ ગણ પછી યતિ હોય અર્થાત જેમાં ત્રણ ગણ અથવા બાર માત્રાનો પાદ હોય તેને પથ્યા આર્યા કહે છે.

(૨) વિપુલા આર્યા: વિપુલા આર્યામાં કોઇપણ પ્રકારની યતિ હોતી નથી - અયતિલક્ષણા.

(૩) ચપલા આર્યા: ચપલા આર્યામાં દ્વિતીય અને ચતુર્થ ગણ 'જ' અથવા મધ્ય-ગુરુ ગણ રહે છે જે બંનેના અર્ધભાગમાં હોય છે.

(૪) મુખચપલા આર્યા ચપલાનું લક્ષણ પૂર્વાર્ધમાં ઉપલબ્ધ હોય ત્યારે મુખ ચપલા આર્યા બને છે.

(૫) જઘન ચપલા આર્યા ચપલાનું લક્ષણ ઉત્તરાર્ધમાં ઉપલબ્ધ હોય ત્યારે જઘન ચપલા આર્યા બને છે.

(૬) સર્વ ચપલા આર્યા પૂર્વાર્ધ તથા ઉત્તરાર્ધમાં 'ચપલા' ના લક્ષણ સમાનપણે ઉપલબ્ધ હોય ત્યારે સર્વ ચપલા આર્યા બને છે.

૧૬ મા અધ્યાયના અંતે ભરતમુનિ જણાવે છે કે વૃત્તોના આ નિયમો જાણી વિવિધ છંદોમાં નાટક કાવ્ય આદિનું (કવિજન) નિર્માણ કરે. છન્દનું નાટ્યગત મહત્વ સમજાવતાં ભરતમુનિ વિધાન કરે છે કે વૃત્તહીન કોઇ શબ્દ તથા શબ્દહીન કોઇ વૃત્ત હોતો નથી. આ બંને પરસ્પર મળીનેજ નાટ્યપ્રયોગને પોતાના ચરમોત્કર્ષ પર પહોંચાડે છે.

પ્રાચીન સંસ્કૃત નાટકોમાં ગધ સંવાદોની સાથે સાથે વિવિધ છંદોમાં પ્રયુક્ત શ્લોકો પણ આવે છે. શ્લોકના પઠન માટે નટને છન્દશાસ્ત્રનું જ્ઞાન હોવું અનિવાર્ય બની રહે છે. પઠન

સમયે કયા અક્ષરો અથવા શબ્દો ઉપર બલાઘાત આપવો, કયાં વિરામ લેવો એ જાણવા માટે નટને ઉપરોક્ત છંદ વિવરણ માર્ગદર્શક નિવડી શકે છે.

પરંપરાથી પ્રાપ્ત તમામ વૃત્તો 'વાચિકાભિનય' માં અંતર્ભુત થઇ જાય છે એમ કહી શકાય નહી. કદાચ આજ કારણસર ભરતમુનિએ સામાન્ય 'કાવ્યબંધ' માટે ઉપયોગી વૃત્તો અને નાટ્યપ્રયોગી વૃત્તોને અલગ તારવવા માટે અભિનય અને નાટ્યરસની કસોટી આપી છે અને નાટ્યાર્થની અભિવ્યકિત માટે સક્ષમ એવા વૃત્તોનીજ ચર્ચા કરી છે.

છન્દોની રસાનુકુળતા

નાટ્યશાસ્ત્રના સત્તરમાં અધ્યાયમાં ગુણવિધાનના અને રસાનુસારે અલંકાર તથા છન્દોના પ્રયોગ વિધાન અંતર્ગત છન્દોની રસાનુકુળતા ઉપર ભાર મુકતાં, કયો વૃત્ત કયા રસ માટે ઉચીત છે તે સ્પષ્ટપણે પ્રતિપાદિત કર્યું છે. અભિનવગુપ્તના કથન અનુસાર છન્દ એ ચિત્ત પ્રતિસ્પંદ એટલે કે સંવેદનાનું પ્રતિરુપ છે અને નાટ્યાર્થ, રસાનુકુળ છંદોના પ્રયોગથી સમૃધ્ધ થાય છે.

ભરતમુનિના કથન અનુસાર વીર, રૌદ્ર તથા અદ્ભુત રસોના વર્ણનમાં કાવ્યરચના લઘુ અક્ષરોથી યુકત હોવી જોઇએ. બીભત્સ રસમાં ગુરુ અક્ષરોવાળી રચના તથા રૌદ્ર તથા વીર રસોથી કરુણ રસોનું વર્ણન હોય ત્યારે પણ યથાશકય (કદાચિત્) ગુરુ અક્ષરોવાળી રચના હોવી જોઇએ. પાઠભેદ પ્રમાણે વીર તથા રૌદ્ર રસમાં જ્યારે બળના પ્રયોગનું પ્રદર્શન અપેક્ષિત હોય તો પ્રાય: એ વૃત્તોનો પ્રયોગ કરવો જોઇએ જેમાં ગુરુ અક્ષરોની પ્રધાનતા હોય.
( શ્લોક ૧૦૭ અને ૧૦૮ )

ભરતમુનિના વિધાન અનુસાર શૃંગારરસમાં માત્રાગણાત્મક આર્યાવૃત્ત તથા અન્ય કોમળ વૃત્તોનો પ્રયોગ કરવો જોઇએ. (શ્લોક ૧૦૯) જ્યારે બે પાત્રોમાં પરસ્પર વાદવિવાદ ચાલી રહયો હોય ત્યારે તેમના મુખેથી સંયુકત વર્ણોનો ઉત્તરોત્તર પ્રયોગ થવો જોઇએ અને જગતી, અતિ જગતી અથવા સંકૃતિ નામના વૃત્તોનો વિનિયોગ કરવો જોઇએ. (શ્લોક ૧૧૦)

યુધ્ધ તથા સંકટ (ઉપદ્રવ) ના મંચન સમયે ઉત્કૃતિ તથા કરુણ રસના મંચન સમયે શકકરી તથા અતિધૃતિ છન્દોની યોજના ઉચિત બને છે. (શ્લોક ૧૧૧)

જે છન્દ વીરરસ માટે ઉપયુકત હોય તેને રૌદ્રરસમાં પણ પ્રયોજી શકાય. શેષ રસોમાં અર્થાનુસાર યથોચિત છન્દોની યોજના કરવી જોઇએ. (શ્લોક ૧૧૨)

પરંપરાથી શિખરિણી મનુષ્યના પ્રેમ, આનંદ અને ઉલ્લાસ, મંદાક્રાન્તા પ્રેમીની વિરહોત્કંઠા અને શાર્દૂલવિક્રિડિત વીરતા અને ઓજસ્વિતાને રુપાયિત કરવા માટે પુર્ણ સક્ષમ માનવામાં આવે છે.

૧૭ માં અધ્યાયમાં ભરતમુનિએ સ્પષ્ટ કરી આપ્યું છે કે સમ, અર્ધ સમ તથા વિષમ છન્દોને ઉદાર તથા મધુર શબ્દાવલી ધ્વારા રસાનુસારી-અર્થાનુસારી પ્રયોગ કરવો જોઇએ. (શ્લોક ૧૧૮) છન્દ રચના કરનારા ઉદાર મધુર શબ્દો નાટ્યાર્થને દીપ્ત કરે છે જેમ કમળના પુષ્પોથી સરોવર શોભે છે.

નાટ્યશાસ્ત્રની રચના પૂર્વે ઘણાં સમય પહેલાં છન્દશાસ્ત્ર સમૃધ્ધ બની ચૂકયું હતું. અક્ષર-વૃત્તો તથા માત્રા-વૃત્તોના ભેદ પ્રસ્તારની સંખ્યા હજારો સુધી પહોંચી ચૂકી હતી. ભરતમુનિએ નાટ્યરસોનો આધાર બનાવી વૃત્તોની વિશાળ સેનાને નિયંત્રિત કરી તથા વ્યાવહારિક નાટ્યોન્મુખી દિશા પ્રદાન કરી.

## છન્દવિધાન-કેટલાક મહત્વના તારણો

ભરતમુનિ નિરુપિત છન્દ વિષયક વિવરણનો સૂક્ષ્મ અભ્યાસ કરવાથી અનેક મહત્વના તથ્યોની જાણકારી મળે છે જેમાં કેટલાક નીચે પ્રમાણે છે.

(૧) છન્દવેત્તાઓ ધ્વારા આવિષ્કૃત સમ, વિષમ તથા અર્ધ સમ વૃત્તોની પસંદગી નાટ્યપ્રયોગના આધારે થવી જોઇએ. કારણ કે કાવ્યબંધ માટે આવિષ્કૃત પ્રત્યેક નાટ્ય સૌંદર્યવર્ધક સમજવો ન જોઇએ. ભરતમુનિ કહે છે -

એવમેતાનિ વૃત્તાની સમાનિ વિષમાણિ ચ ।
નાટકાદિષુ કાવ્યેષુ પ્રયોકતવ્યાનિ સુરિભિ: ॥ ૧૫૩ ॥

(૨) પરંપરા અનુસાર વૃત્તોની રચનામાં બે આધારોનું નિરૂપણ થયું છે. (૧) ગણ તથા (૨) લઘુ-ગુરુ વર્ણ. પિંગલના છન્દ શાસ્ત્રમાં સમવૃત્તોની રચના માટે ય ગણ, મ ગણ વિગેરે આઠ ગણોનો નિર્દેશ છે પરંતુ ભરતમુનિએ નાટ્યરસોના આધારભૂત સમવૃત્તોની સંખ્યા સીમિત કરી એટલું જ નહીં તેમની રચના માટે લઘુ-ગુરુ અક્ષરોનો એકાંતિત: નિર્દેશ કર્યો છે. (જુઓ આ અગાઉ આપવામાં આવેલું સમવૃત્તનિરૂપણ). અહીં અસંદિગ્ધપણે સ્પષ્ટ થાય છે કે ભરતમુનિએ કરેલું આ પરિવર્તન નાટ્યપરક કાવ્યોના વૃત્તોની અભિનયગત સુગમતાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. આ પધ્ધતિથી નાટ્ય-કાવ્યોના વૃત્તોમાં અભિનેયતાનો સહજ સમાવેશ થઇ શકે છે.

(૨) પરંપરાગત છન્દ:શાસ્ત્ર અનુસાર એક અક્ષરની જાતિથી માંડી છવ્વીસ અક્ષરોની જાતી સુધીના - 'ઉક્તા' જાતિથીમાંથી 'ઉત્કૃતિ' જાતિ સુધીના-વિભિન્ન છન્દભેદોનો પ્રચુર માત્રામાં આવિષ્કાર થઇ ચૂકયો હતો. અધ્યાય ૧૫ શ્લોક ૪૨ થી ૭૮ અંતર્ગત ભરતમુનિએ તેનો ઉલ્લેખ કર્યો છે, પણ તેનો યથાવત સ્વીકાર કર્યો નથી. તેને પહેલા નાટ્યપ્રયોગની એરણ ઉપર ચડાસી જોયા છે. પરિણામસ્વરુપ નાટ્ય-કાવ્યોની રચના માટે ૬ અક્ષરોની જાતિના છન્દો-ગાયત્રી માલિની વિગેરેને મૂલત: ગ્રહણ કરવા આ ક્ષેત્રમાં અધિક ઉપયોગી માનવામાં આવ્યું છે અને એક અક્ષરથી પાંચ અક્ષરો સુધીની જાતિના વૃત્તો અભિનય માટે અનુઉપયોગી માની ત્યજી દેવામાં આવ્યા છે. (જુઓ આ અગાઉ આપવામાં આવેલું સમવૃત્તનિરૂપણ).

૪) સંભવત: સર્વપ્રથમ ભરતમુનિએ જે પરંપરાગત વૃત્તોમાંથી 'ગેયવૃત્તો' અને 'અગેયવૃત્તો' ને નાટ્યની દૃષ્ટિએ વિભાજિત કરવાનો પ્રયત્ન કર્યો છે. 'ધ્રુવાગાન'ના સંદર્ભમાં એકાક્ષર જાતિથી પાંચ અક્ષર જાતિ સુધીના વૃત્તોને વિશેષણે ગ્રાહય ઠેરવવામાં આવ્યા છે. આ પ્રમાણે રંગમંચ ઉપર ગાન માટે ઉપયોગી વૃત્તો અને સામાન્યપણે અર્થાભિવ્યક્તિમાં સહાયક વૃત્તોનો ભેદ પાડી સંપૂર્ણ છન્દ શાસ્ત્રનું નાટ્યના સંદર્ભમાં પુન: વિશ્લેષણ કર્યું છે એમ કહી શકાય.

(૫) વૃત્તોને અર્થાભિવ્યક્તિનું સાધન માનવું જોઇએ ન કે અર્થને વૃત્તરચનાનું. આ મૂળભૂત દૃષ્ટિકોણ અપનાવી ભરતમુનિએ વૃત્તોની રચનાના મૂળ બે ઉદ્દેશ્યો ગણાવ્યા છે. (૧) અર્થવશાનુગ તથા (૨) રસાનુરુપ. આ પ્રકારના પુનઃવિવેચનથી વૃત્તોને નાટ્યાર્થ તથા રસોની અભિવ્યક્તિ માટે અભિનયનું અભિન્ન અંગ સિદ્ધ કરવાનો ભરતમુનિએ પ્રયત્ન કર્યો છે, જેનાથી તેમનો મંચગત પ્રયોગ વિઘ્નરુપ ન બને.

(૬) ભરતમુનિના કથન અનુસાર વૃત્તોની રચના તથા તેના અભિનયાત્મક પ્રયોગનું પ્રશિક્ષણ લેવું - તાલીમ લેવી - નટ માટે અતિ આવશ્યક છે. પ્રાયઃ બધા વૃત્તોના ત્રણ આધારભૂત અવયવો છે (૧) શબ્દ (૨) સ્વર તથા (૩) માત્રાઓ. નાટ્યશાસ્ત્રમાં નટો માટે આ વૃત્તગત સર્વ અવયવોની ઉચ્ચારણ અધિષ્ઠિત અભિનય પદ્ધતિનો સુક્ષ્મ પ્રશિક્ષણાત્મક નિર્દેશ ભરતમુનિએ કર્યો છે જેનું અનુકરણ કરવાથી પ્રત્યેક વૃત્તમાં વાક્-અભિનેયતા લાવી શકાય છે.

(૭) નાટ્ય-કાવ્યના છંદોની મંચગત અભિનય પદ્ધતિ વિશિષ્ટ પ્રકારની હોય છે. સર્વ છન્દોનું સર્વત્ર 'ગાન' અપેક્ષિત હોતું નથી પરંતું પાઠ્ય-ગુણોને અનુરુપ તેનો વાચિક અભિનય પરમ આવશ્યક છે. પાઠ્યગુણોમાં અન્તર્ભૂત મહત્વનું તત્વ છે - સપ્તસ્વર, ત્રણ સ્થાન, ચારવર્ણ, છ અલંકાર તથા છ અંગ. ( આ વિશે વિગતવાર ચર્ચા પ્રસ્તુત અધ્યાયના 'પાઠ્યગુણ' પ્રકરણ અંતર્ગત કરવામાં આવી છે) આ પાંચ તત્વોની સહાયતાથી નટે, નાટ્ય-કાવ્યના પ્રત્યેક છન્દને અર્થાનુરુપ તથા રસાનુરુપ વાક્ અભિનયમાં મંચગત મૂર્તતા પ્રદાન કરવી જોઇએ એવી ભરતમુનિ અપેક્ષા રાખતા હોવાનું જણાય છે.

(૮) વૃત્તોને મંચ ઉપર પ્રસ્તુત કરતી વેળા અર્થની અભિવ્યક્તિ પર ભાર મૂકવો જોઇએ - રચનાગત નિયમ વિધાનો ઉપર નહીં. ખાસ કરીને વૃત્તના પાદગતવિરામમાં છન્દના યતિ ભંગ દોષની ચિંતા કર્યા વિના નટે અર્થાનુરુપ વિરામ ઉપર વિશેષ ધ્યાન રાખવું જોઇએ. અર્થાભિવ્યક્તિ - એજ મુખ્ય ઉદ્દેશ્ય છે અને તેની પૂર્તિ માટે 'કાવ્યબન્ધ'ના

વૃત્તપાદગત વિરામોનું અતિક્રમણ અભિનય-કાર્યની દૃષ્ટિએ અનુચિત ન કહેવાય. ભરતમુનિએ આજ કારણસર 'સમવૃત્તનિરુપણ'માં એકાદ અપવાદ બાદ કરતાં કોઇપણ સમવૃત્તના યતિસ્થાનો ઉલ્લેખ્યા નથી.' પાઠય-ગુણ અધ્યાય' માં વિરામ વિશે ચર્ચા કરતાં ભરતમુનિ સ્પષ્ટપણે જણાવે છે કે :-

યે વિરામા: સ્મૃતા: પાઠયે વૃત્તપાદ સમુદ્ભવા: ।
ઉત્ક્રમ્યાપિ કર્મ તજ્જ્ઞૈ: કાર્યાસ્તેઅર્થવશાનુગા: ॥ ૭૩ ॥

કાવ્યરચનામાં 'પાદો'ના વિભાજનથી 'વિરામો'ની સૃષ્ટિ થાય છે. પરંતુ રંગમંચ ઉપર તેના અર્થને પ્રગટ કરવા માટે તજ્જ્ઞો નિર્દિષ્ટ ક્રમમા પરિવર્તનો કરી વિરામ રાખી શકે છે. જો કે આટલી છુટ આપીને ભરતમુનિએ તેના ઉપર નિયંત્રણ લાદતાં કહયું છે કે 'સાપેક્ષ્ય વૃત્તે કર્તવ્યો વિરામો રસભાવત: 'અર્થાત રસ તથા ભાવોની સ્થિતિ જોઇ વિરામો યોજવા જોઇએ.

ઉપરોક્ત તારણો ઉપરથી સ્પષ્ટ થઇ જાય છે કે ભરતમુનિએ પરંપરાથી પ્રાપ્ત છન્દશાસ્ત્રનો આધાર લીધો છે પણ તેનું આંધળું અનુકરણ કર્યું નથી. ભરતમુનિએ નાટ્યદૃષ્ટિની કસોટીનો આધાર લઇ છન્દશાસ્ત્રના નિયમવિધાનો તથા વૃત્તોના ભેદ-ઉપભેદની ઉપયોગિતા પારખી છે અને એટલેજ છન્દ માત્રને વાક્ અભિનય તથા કાવ્યનું અંગ માન્યું નથી. કોઇપણ નાટકમાં કવિરચિત એ જ છન્દ વાક્-અભિનયના ક્ષેત્રમાં આવી શકે જેના શબ્દો, સ્વરો તથા માત્રાઓમાં અભિનેયતાનો ગુણ કલાત્મક દૃષ્ટિથી સમાવવામાં આવ્યો હોય કારણ તોજ કોઇપણ નટ ભરતમુનિ નિરુપિત 'પાઠય-ગુણ'માં નિર્દેશવામાં આવેલા તત્વોના આધારે તાલીમ મેળવી આ પ્રકારના છન્દોને 'મંચગત વાક્ અભિનય' માં વિઘ્નવિના રુપાંતરિત કરી શકે.

જો કોઇ નાટ્યકારે નાટ્યનિયમોની ઉપેક્ષા કરી વૃત્તોની રચના કરી હોય તો પણ નટને પુરેપુરી સ્વતંત્રતા છે કે તે વાક્ અભિનયની દૃષ્ટિએ તેમાં પરિવર્તન આણે. કારણ લક્ષ્ય છે નાટ્યાર્થની સમૃધ્ધિ અને નાદ-સૌંદર્ય ધ્વારા સહૃદયના હૃદયમાં પૂર્ણ રસોદ્બોધન !